## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચરી જાય છે બેન્ક ને કરોડોનું કરી જાય છે,
લોન લઈ જાય છે નમુક્કર, ને ફરી જાય છે,
હરી જાય છે વસ્ત્ર, બેન્કની લાજ ને મર્યાદાનાં -
ગુન્હેગારો રાજકારણને લાકડે તરી જાય છે.
(રાજકીય રક્ષણ)

હાઈકુ

સરકારને
આવી છે ઉતાવળ
સમાધાનની...
(પાટીદાર પ્રેમનો ઉભરો)

પોકળ ખોટા -
ફૂટે છે પરપોટા,
એમઓયુના...
(વિદેશી કરારો ફોક)

### ચિંતન

**આત્મછિદ્રં ન પશ્યતિ પરછિદ્રમેવ પશ્યતિ બાલિશઃ ।**

મૂર્ખાઓ અન્યોના દોષ - અવગુણો જ જુએ પોતાના દોષ - દુર્ગુણ એમને દેખાતા જ નથી.

બીજાના જ દોષ જોનારા લોકો હંમેશાં નકારાત્મક દૃષ્ટિથી જ બધી બાબતો જુએ અને મૂલવે છે. કોઈ પણ બાબતમાં એમને કોઈ જ સારી બાબત દેખાતી નથી.

પડોશી-કુટુંબી-સહકાર્યકરના સ્વભાવ વર્તનમાં ક્યાં-કેવો દોષ છે એ જુએ છે અને એટલું જ નહીં એ બધાં નિંદા-ટીકા સ્વરૂપે તેનો પ્રચાર પણ કરે છે.

આવા માણસોએ પહેલાં આત્મનિરીક્ષણ-પરીક્ષણની ટેવ પાડવી જોઈએ બીજાના દોષ જોતાંની સાથે જ મારામાં એ છે કે કેમ? એનો વિચાર કરવાથી હકારાત્મક દૃષ્ટિ કેળવાય છે.

### સુવિચાર

- જ્યાં સેવાના અર્થે જ સેવા કરાય ત્યાં આસક્તિ રાગદ્વેષ ન હોય - **ગીતા બોધ**
- આપણી પાસે સરકાર લાંબી પહોળી છે પણ વહીવટ સાવ ટૂંકો છે, જાહેરસેવકો સંખ્યાબંધ છે પણ જાહેર સેવા બહુ થોડી છે, કાયદાઓ અનેક છે પણ ન્યાય ખૂબ ઓછો છે - **નાની પાલખીવાળા**
- ત્યાગ એટલે સંસારથી દૂર જંગલમાં વાસ કરવો એમ નહીં પણ જિંદગીની બધી પ્રવૃત્તિમાં ત્યાગની ભાવનાનો પણ સમાવેશ કરવો તે - **જ્ઞાનસૂત્ર**
- અહિંસા વાપરો કે હિંસા, પણ નામર્દાઈ તો ન જ ચાલે - **ગાંધીજી**
- જ્ઞાનનો ઉદેશ, જ્ઞાનનો અર્થ એક જ વિચારમાં (શબ્દમાં) સમાઈ જાય છે તે છે 'સેવા' - **એરિસ્ટોટલ**
- દુષ્કર છે કેટલો આ માનવ અવતાર છતાં, સસ્મિત ચહેરે ક્ષણ દરેક વિતાવતા રહેવું જોઈએ, ઈશ્વર પણ મનુષ્ય બન આ ધરતી પર, ક્યારેક અનુભવો લેવા અવતરતા રહેવું જોઈએ - **જલકલ્યાણ**
- આજનું ઔષધ : દહીંની મલાઈ મોંઢામાંના ચાંદા પર લગાડવાથી તરત જ બળતરામાં ફેર પડે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આ જીવન, શરીર, અમૂલ્ય છે. મોક્ષની સાધના માટે, જીવનના ઉત્તમ ધ્યેયો હાંસલ કરવા શરીર સાધન છે. શરીરની સંભાળ રાખવી અને ઉત્તમ હેતુ - ધ્યેય માટે તેનો ઉપયોગ કરવો જોઈએ, પણ આપણે મોજ-શોખ, વ્યસનો વ્યસન-વાસના-ખાવાપીવા અને ઊંઘ આળસમાં વેડફી નાખીએ છીએ.

એક રાજા શિકાર માટે નિકળ્યો હતો પણ રસ્તો ભૂલી ગયો. ભૂખ્યો-તરસ્યો બેભાન થવાની તૈયારીમાં હતો. ત્યાં એક કઠિયારો મળી ગયો એણે પાણી અને ખોરાક આપી રાજાનો જીવ બચાવ્યો - અને રસ્તો પણ બતાવ્યો - રાજાએ એને રાજ્યમાં બોલાવી સન્માન કર્યું અને એ જંગલમાં 'ચંદનવન' દાન આપી તેની નિર્ધનતા દૂર કરી...

પણ કઠિયારો 'ચંદન'નું મહત્ત્વ એની કિંમત-જાણતો ન હતો. એણે તો એ વૃક્ષો કાપી એમાંથી 'કોલસા' બનાવી ગુજરાન ચલાવવા લાગ્યો. વર્ષો પછી રાજાને થયું કે હવે કઠિયારો ધનવાન થઈ ગયો હશે - જંગલમાં જઈ જોયું તો એની હાલત તો એ જ ચિંથરેહાલ જ હતી.

આપણે પણ ચંદન જેવા જીવનનો કોલસો જ કરીએ છીએ ને ?!

# કાશ્મીર ખીણમાં ઊકળતા ચરુ જેવી સ્થિતિ

## તંત્રીસ્થાનેથી...

હુંદવાડામાં બની હોવાની કહેવાતી તથાકથિત છેડતીની ઘટનાએ આખા કાશ્મીરને બાનમાં લઈ લીધું હોય એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. જે છોકરીની છેડતી થઈ હોવાનું કહેવાય છે તેણે જાતે મીડિયા સમક્ષ કબૂલ કર્યું છે કે આવી કોઈ જ ઘટના બની નહોતી, પરંતુ આ કબૂલાતનામું સેનાએ દબાણ હેઠળ કરાવ્યું હોવાનું મનાય છે. પ્રજાના આક્રોશની પરાકાષ્ઠા તો એ છે કે સેનાને દેખાવકારો પર ગોળીબાર કરવો પડ્યો છે, જેથી પાંચ વ્યક્તિઓનાં મરણ નીપજ્યાં છે. તંગદિલી નિવારવા માટે કાશ્મીર ખીણના સાત જિલ્લાઓ કરફ્યૂ હેઠળ મૂકી દેવાયા છે. ઘણી જગ્યાએ ઈન્ટરનેટ સેવાઓ અને મોબાઈલ નેટવર્ક બંધ કરી દેવાયાં છે. પાકિસ્તાન એવી પરિસ્થિતિનો ગેરલાભ ન લે તો જ નવાઈ.

સરહદ પારથી રોજેરોજ અફવાનાં પડીકાં વહેતાં કરાય છે અને દુનિયા સમક્ષ કાશ્મીરનો પ્રશ્ન ઉઠાવવાની નવી તક ઝૂંટવી લેવા પાકિસ્તાની સરકાર, પાક આર્મી અને કુખ્યાત આઈએસઆઈ તલપાપડ થઈ રહ્યાં છે. મહેબૂબા મુફતી માટે આ 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' - પહેલા જ કોળિયામાં માખી આવી ગઈ હોય એવી કમનસીબ ઘટના છે તો એમના પ્રખર પ્રતિસ્પર્ધી અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા તથા ફારુક અબ્દુલ્લા માટે પોતાની હકૂમત દરમિયાન કાશ્મીરમાં અમન-ચૈન પ્રવર્તતાં હતાં એની સરખામણીમાં પીડીપી-બીજેપીની ગઠબંધન સરકાર આવતાં ઘાટીની દુર્દશા થઈ ગઈ છે, એવાં નિવેદનોનો મારો ચલાવવાની સોનેરી તક આવી ગઈ છે.

મહેબૂબા મુફતીની પાર્ટી શરૂથી જ કાશ્મીરનાં અલગતાવાદી પરિબળો સાથે મીઠા સંબંધો ધરાવતી રહી છે. પાકિસ્તાન સાથે પણ એ સૌહાર્દપૂર્ણ સંબંધોની તરફેણ કરતી રહી છે. ત્યાં સુધી કે કાશ્મીર ખીણમાં પાકિસ્તાની ઝંડા ફરકાવવા અને હિંદુસ્તાન વિરોધી સરઘસ કાઢી આગ ઓકતાં ભાષણો કરવાં તે રોજિંદી બાબત બની ગઈ છે. મુફતી જીવતા હતા ત્યારે કુનેહપૂર્વક સ્થિતિ પર નિયંત્રણ લાવી શકતા હતા, હવે શાસનનાં સૂત્રો મહેબૂબાના હાથમાં છે. કટ્ટર મુસલમાનો સ્ત્રીને શાસન માટે લાયક નથી ગણતા તે હકીકત પણ મહેબૂબા સમજે છે. તેથી એ ફૂંકી ફૂંકીને ડગ માંડી રહ્યાં છે. દિલ્હી સમક્ષ એમણે કરેલી કુપવાડા અને હંદવાડા જેવાં સંવેદનશીલ સ્થળો પરથી આર્મી હટાવવાની માગણી કેન્દ્ર સ્વીકારી શકે એમ નથી, એટલે એમણે ગોળીબારમાં માર્યા ગયેલાઓને માતબર વળતર આપવાની માગણી રજૂ કરી છે. મહેબૂબાની સ્થિતિ સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ ગઈ છે. એ કોઈપણ ભોગે કાશ્મીરમાં પીડીપીનું વજૂદ ટકાવી રાખવા કૃત સંકલ્પ છે. પરંતુ પ્રજા શરૂથી જ પીડીપીએ બીજેપી સાથે કરેલા ગઠબંધનને નાપાક ગઠબંધન ગણતી રહી છે. આવી સ્થિતિમાં સૌથી વધુ ફાયદો અલગતાવાદી પરિબળો ઉઠાવી રહ્યાં છે. આઈએસઆઈની મદદથી એમનો અવાજ છેક યુનો સુધી બુલંદ થયો છે. મોદી સરકાર માટે કાશ્મીર માથાનો દુખાવો બની રહેલ છે - કોઈ શક ?

# એન. એ. જમીનના પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કરાશે



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

બીન ખેતીના હક્કોમાં થતા વ્યવહારોમાં સરળતા લાવવા રાજ્ય સરકારે બીન ખેતીની મીલ્કતોના રેકર્ડના પ્રોપર્ટી કાર્ડ બનાવી રેકર્ડને અધતન બનાવવાનો નિર્ણય કરેલ છે. જેથી બીન ખેતીના જમીનના પ્લોટ ધારકોને માલીકી હક્કના કાર્ડ મળશે અને મીલ્કત ઉપર લોન લેવામાં સરળતા રહેશે તેમજ આવા રેકર્ડથી રાજયમાં ખેતીની જમીનની જેમ બીન ખેતીનની જમીનની વિગતો પણ સરળતાથી મેળવી શકાશે.

ખેતીની જમીનને ૨૦૦૪ થી કોમ્પ્યુટરાઈઝ કરીને ઓન લાઈન કરવામાં આવ્યા છે અને તેના ગામ નમુના નં. ૭ તથા ૧૨ માં બનાવવામાં આવેલ છે. જેમાં ફેરફાર થતા નોંધ નમુના નંબર ૬ માં ઈ-ધારા પ્રમાણે દાખલ કરવામાં આવે છે. જયારે ખેતીની જમીનને ઓન લાઈન કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવતી હતી ત્યારે અમુક જ જીલ્લામાં બીન ખેતીના પાનીપાને અલગ રીતે નોંધણી કરવામાં આવેલ પરંતુ કેટલાક જીલ્લામાં ડેટા એન્ટ્રી કરવામાં આવી ન હોતી જેનો કોઈ ડેટા બેઝ રાજય સરકાર પાસે નથી.

રાજય સરકાર જયાં આવા બીન ખેતીની જમીનના પાનીપાનો ડેટાબેઝ તૈયાર હોય ત્યાં મ્યુટેશન તૈયાર કરવામાં આવે છે અને નમુના નંબર-૭ માં તેની અસર આપવામાં આવે છે જયાં બીન ખેતીના પાનીયા તૈયાર નથી ત્યાં રેકર્ડમાં બીનનંબરી સીલેકટ દ્વારા ગામના નમુના નંબર ૬ માં ફેરફાર કરવામાં આવે છે જે મેન્યુઅલી નોંધની અસર આપવામાં આવતી હતી. પરંતુ એન.આઈ.સી. દ્વારા છેલ્લા ચાર માસથી આ વિકલ્પ બંધ કરી દેવામાં આવ્યો છે જેથી ફેરફાર નોંધ ગામના નમુના નંબર ૬ માં અસર આપવામાં આવતી નથી જેથી મોટા મહેસુલી પ્રશ્નો ઉભા થાય છે. તેના કાયમી ઉકેલ માટે રાજય સરકારે હવે બીન ખેતીની મીલ્કતના પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવાનો નિર્ણય કરેલ છે.

રાજયના ગામતળ જે સીટી સરર્વેની હદ ઉપરાંતના વિસ્તારમાં બીન ખેતીના ગામના નમુના-૭ અને અન્ય રેકર્ડના આધારે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા અંગે મહેસુલ વિભાગે ખાસ કાર્યપધ્ધતિ નક્કી કરી છે તે મુજબ બીન ખેતીના ફેરફારો માટે ઈ-ધારા કેન્દ્રમાં કોમ્પ્યુટરાઈઝ કરાવેલ ના હોય તો વેચાણના તથા અન્ય દસ્તાવેજના રજીસ્ટ્રેશન થાય તે પહેલા અરજદારો પ્રીરજીસ્ટ્રેશન કાર્ડ તૈયાર કરી શકશે જેમાં વેચાણ આપનારની અરજી સાથે અરજદારે જે તે મીલ્કતોની વિગતોના પુરાવા તથા પોતાની અને મીલ્કત ખરીદનારના ઓળખના માન્ય પુરાવા પણ રજુ કરવા પડશે. આવા પુરાવાઓ તથા વેચાણ દસ્તાવેજના આધારે સેલ્ફ ઈન્ડેક્ષ કેસ તૈયાર કરવામાં આવશે આ પ્રમાણેની કામગીરી ઓટોમ્યુટેશન પ્રમાણે કરવામાં આવશે જે રેકર્ડ ઓનલાઈન પણ ઉપલબ્ધ થશે.

આવા ફેરફારની નોંધ જમીન મહેસુલ કાયદાની કલમ-૧૩૫(ડી) ની નોટીસની બજવણી દ્વારા કરવામાં આવશે. આવી નોટીસ રેકર્ડ આધારે ઓટોમેટીક તૈયાર થશે અને તેની બજવણી વેચાણ આપનારને ફરજીયાત કરવાની રહેશે જેથી વેચાણ વ્યવહારમાં કોઈ વાંધા હોય, તકરાર હોય તો દિન-૩૦ માં ઈ-ધારા મામલતદારને નોંધ પ્રમાણિત કરવા સામે અરજદાર વાંધા રજુ કરી શકશે. વાંધા વાળી અરજીઓ મામલતદાર રેવન્યુ ટ્રીબ્યુનલને ટ્રાન્સફર કરવામાં આવશે જેની નોંધો બન્ને પક્ષકારને સાંભળી પુરાવાની ચકાસણી કર્યા બાદ મામલતદારના જે તે હુકમને આધીન અપડેટ કરવામાં આવશે જે તે મીલ્કતનું પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરશે. નંબર-૨ માં જ પ્રોપર્ટી નંબર તૈયાર થઈ જશે જેની એક નકલ વેચાણ રાખનારને પણ મળશે ત્યારબાદ જ મીલ્કતોમાં થતા ફેરફારની અસર આપવામાં આવશે.

દસ્તાવેજોના કિસ્સામાં મહેસુલી રેકર્ડના હોય તો પ્રોપર્ટી કાર્ડ માટે ત્રણ પધ્ધતિઓ નક્કી કરવામાં આવેલ છે જે મુજબ અરજદાર પાસેથી અરજી લઈને તેની ચકાસણી કરીને બીન ખેતીના પ્રોપર્ટી કાર્ડ બનાવવામાં આવશે.

બીન ખેતી થયેલા સરર્વે નંબરની ગામ નમુના નંબર-૭ માં અસર પામેલી હોય તે મીલ્કતોની ચકાસણી કરીને કાર્ડ બનાવવામાં આવશે નવા બીન ખેતી થતા સરર્વે નંબરોની ઓન લાઈન ફેરફાર નોંધો દાખલ કરીને પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવશે. રાજયની તમામ બીન ખેતીની જમીનના પાનીપાનો ડેટોબેઝ તૈયાર કરી ટૂંક જ સમયમાં ઓનલાઈન મુકવામાં આવશે જેથી બીન ખેતીની મીલ્કત ખરીદનાર અને વેચનારને સરળતા રહે તથા છેતરપીંડીનો કોઈ અવકાશ ના રહે. મીલ્કતનું રજીસ્ટ્રેશન થાય તે પહેલાના નોંધાયેલ મીલ્કતોનું પ્રીરજીસ્ટ્રેશન કાર્ડ તૈયાર કરવામાં આવશે ત્યારબાદ જ નોંધ મંજુર કરવામાં આવશે.

અનુસંધાન પાના નં. ૭ પર

# વ્યક્તિપૂજા સામે સંઘસુપ્રીમોની લાલબત્તી



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

નવ દાયકા જેટલા લાંબા સમયગાળા પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) ભારતમાં સ્પષ્ટ બહુમતી સાથે પોતાના વિચારોથી પ્રભાવિત ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને સત્તારૂઢ જુએ ત્યારે એના માટે હરખ થવો સ્વાભાવિક છે. અગાઉ સંઘના જ સ્વયંસેવક અને પ્રચારક એવા કવિવર અટલ બિહારી વાજપેયી વડા પ્રધાનપદ સુધી પહોંચી શક્યા હતા, પરંતુ એમણે અન્ય બચુકડા પક્ષોના ટેકે શાસન કરવાની મર્યાદા સહન કરવી પડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપને લોકસભામાં ભવ્ય બહુમતી અપાવ્યા છતાં પક્ષ સાથે જોડાણ કરનારા બીજા પક્ષોને પણ સરકારમાં સામેલ રાખ્યા છે. જોકે મોદીની નિર્ણયશક્તિ અન્યો પર અવલંબિત નથી. સંઘના સ્વયંસેવક અને પ્રચારક તરીકે તેમને છેલ્લી લોકસભા ચૂંટણીમાં સમગ્રપણે સંઘ પરિવારનો ટેકો મળ્યો. એમના સત્તારોહણનો હરખ સંઘના સરસંઘચાલક ડૉ.મોહનજી ભાગવત સહિતના સંઘના 'અધિકારીઓ' અને સ્વયંસેવકો પણ કરે એ સ્વાભાવિક છે.

મોહનજીના પિતા મધુકરરાવ ભાગવત સંઘના પ્રારંભિક દિવસોમાં ગુજરાતમાં પ્રાંત પ્રચારક રહ્યા એટલે વર્તમાન સરસંઘચાલક માટે ગુજરાત ભણી વિશેષ લાગણી હોય એ સ્વાભાવિક છે. મોદી અને ભાગવત હમઉમ્ર છે, પણ બંનેની સ્વતંત્ર જવાબદારીઓ છે. એક દેશના વડા પ્રધાન છે અને બીજા સંઘના સરસંઘચાલક છે.સ્વાભાવિક છે કે ડૉ.ભાગવત ગુજરાત આવે ત્યારે એમના ભણી સૌની મીટ મંડાય. અગાઉ મોદી મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ એવું થતું, આજે નરેન્દ્રભાઈ વડા પ્રધાન છે ત્યારે વિરોધીઓ તેમના પર સંઘનો એજન્ડા લાગુ કરવાનો આક્ષેપ કરે ત્યારે આશ્ચર્ય થાય છે, કારણ ભાજપ અને સંઘ વચ્ચે નાડસંબંધ છે. ૧૯૮૦માં ભાજપની સ્થાપના પણ એ જ મુદ્દે થઈ હતી. મધુ લિમયે જેવા સમાજવાદી નેતાઓ જનતા પાર્ટીમાંના જનસંઘ જૂથના નેતા-કાર્યકર્તાઓને સંઘ સાથેનો સંબંધવિચ્છેદ કરવા આગ્રહ કરીને બેવડા સભ્યપદનો મુદ્દો ઊઠાવતા રહ્યા હતા.

ભાજપ માટે સંઘ માતૃસંસ્થા છે અને એટલે જ ૧૯૮૦માં સત્તાવિમુખ ભાજપથી આજના બહુમતી સાથે ભારત સરકારમાં સત્તારૂઢ ભાજપ સુધીની મજલમાં સંઘ પરિવારની હૂંફ અને સમર્થનનું યોગદાન સવિશેષ છે.હમણાં સંઘના સુપ્રમો ડૉ.મોહનરાવ ભાગવત ગુજરાત આવીને ગયા. વર્ષપ્રતિપદા ઉત્સવમાં એમનું બૌદ્ધિક (ભાષણ=પ્રબોધન) પણ અમદાવાદ ખાતે થયું. સત્તાકાંક્ષી સ્વયંસેવકોને સંઘવિચાર ગૂંજે બંધાવવા ઉપરાંત સામાજિક સમરસતા વિષયક પ્રબોધન થકી ડૉ.ભાગવતે વધતી જતી 'વ્યક્તિપૂજા' અને 'માર્કેટિંગ' ભણી અણગમો વ્યક્ત કરતાં સંઘવિચારનાં ચિંતનબીજ રજૂ કરીને જે કાંઈ કહ્યું એ સંઘની નીતિરીતિ તથા સત્તારૂઢ ભાજપની કાર્યશૈલી વિશે પણ ખૂબ સાંકેતિક ગણાવી શકાય.

ડૉ.ભાગવત અસ્ખલિત હિંદીમાં ભાષણ કરી રહ્યા હતા ત્યારે પાર્શ્વભૂમાં સંઘની ૧૯૨૫માં સ્થાપના કરનાર ડૉ.કેશવ બલિરામ હેડગેવાર(ડૉક્ટરજી) અને દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોળવળકર (ગુરુજી) ઉપરાંત તૃતીય સરસંઘચાલક મધુકર દત્તાત્રેય દેવરસ(બાળાસાહેબ) સાથે જ રાષ્ટ્રનેતા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરની છબિ ઝલકતી હતી. ડૉક્ટરજી છેક ૧૯૩૭ એટલે કે મૃત્યુનાં ત્રણ વર્ષ પૂર્વ લગી કોંગ્રેસ અગ્રણી રહ્યા અને સમગ્ર સમાજના હિંદુઓને સંગઠિત કરીને એમના કલ્યાણ માટે અને ભારતને વિશ્વગુરુપદે સ્થાપિત કરવાના સંકલ્પ સાથે કાર્યરત રહ્યા. એમના અનુગામી ગુરુજીએ સાંસ્કૃતિક સંગઠન એવા સંઘના રાજકીય પ્રભાવને વિસ્તારવા માટે હિંદુ મહાસભાના અધ્યક્ષ અને નેહરુ સરકારમાં ઉદ્યોગપ્રધાન રહેલા ડૉ.શ્યામાપ્રસાદ મુકરજીના વડપણ હેઠળ જનસંઘની સ્થાપના કરાવીને સમાજનાં વિભિન્ન ક્ષેત્રોમાં સંઘપ્રભાવ વિસ્તારવાનું નિમિત્ત બનેલા બાળાસાહેબે ૧૪ એપ્રિલ, ૧૯૮૩ના રોજ ડૉક્ટરજી અને બાબાસાહેબ આંબેડકરના જન્મદિને જ 'સામાજિક સમરસતા મંચ'ની સ્થાપના કરાવી. સંઘમાં અનેક સંસ્થાઓના સ્થાપક-સંવાહક બનેલા વરિષ્ઠ પ્રચારક રહેલા દત્તોપંત ઠેંગડી 'સંકેતરેખા'માં 'સમરસતા ઔર સમતા'ની સંઘની ભૂમિકાની માંડણી કરતાં નોંધે છે: 'ડૉ.હેડગેવારજીની સમરસતા અને શ્રદ્ધેય ડૉ.બાબાસાહેબ આંબેડકરની સમતા એ બંનેની જરૂર છે. પરંતુ સમરસતા વિના સમતાનું નિર્માણ ક્યારેય સંભવ નથી.'

વડા પ્રધાન મોદીના વડપણ હેઠળ સમગ્ર દેશ જ્યારે બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી મનાવતો હોય ત્યારે સ્વાભાવિક છે કે સંઘ પણ આ ઉજવણીમાં સામેલ હોય. ડૉ.આંબેડકરે અસ્પૃશ્યોને સમાન અધિકાર અપાવવા માટે અને સામાજિક ન્યાય સાથેની લોકશાહી સ્થાપિત થાય એવા બંધારણ માટે સંઘર્ષ કર્યો એટલે એમણે અસ્તાચળે હિંદુ ધર્મ છોડીને બૌદ્ધ ધમ્મને આત્મસાત્ કરવાનું પસંદ કર્યા પછી પણ હિંદુ સમાજ માટે એ પોતીકા રહ્યાનું સંઘ પરિવાર પ્રતીત કરાવે છે. ડૉ.આંબેડકર પોતે પણ વ્યક્તિપૂજાના વિરોધી હતા અને પોતાને ભગવાન ગણાવવાના વિરોધીમાં અનુયાયીઓને ટકોરતા હતા. સંઘના સરસંઘચાલકના અમદાવાદ ખાતેના પ્રબોધનમાં ડૉ.આંબેડકરે બંધારણ સભામાં ભારતીય બંધારણને અંતિમ ઓપ આપતાં વ્યક્ત કરેલી ચિંતાનું સ્મરણ પણ કરાવ્યું. ભારત વારંવાર ગુલામ બનવા પાછળ બાહ્ય દુશ્મનો કરતાં આંતરકલહ અને ભીતરી પાંચમા કતારિયાઓ જ સવિશેષ જવાબદાર રહ્યા હોવાથી ડૉ.આંબેડકરે પ્રશ્ન કર્યો હતો: 'આપણે આઝાદીને સુરક્ષિત રાખી શકીશું? કે પછી ફરી ગુલામી આવશે?'

ડૉ.ભાગવતે પણ આ જ વાતને બુલંદી સાથે રાષ્ટ્ર સમક્ષ મૂકીને સ્વયંસેવકોને રાષ્ટ્રની આઝાદીને ટકાવવા માટે જાગતા રહેવા એલાન કર્યું. ડૉ.ભાગવતના પ્રબોધનમાં સ્વયંસેવકોને સંઘના મૂળ સિદ્ધાંતો ભણી વાળવાની કોશિશ વારંવાર ઝલકતી હતી. રાજકીય હોદ્દા, વ્યક્તિપૂજા અને કામનાં ઢોલ પીટવાની વૃત્તિને ત્યાગવાની અપીલ એમાં સવિશેષ હતી.સંઘસુપ્રીમોએ ડૉક્ટરજીના મૂળ વિચારને પ્રતિધ્વનિત કરતાં વિરોધીઓને પણ સંઘવિચારથી પ્રભાવિત કરીને પોતીકા બનાવવાની જે હાકલ કરી એ ઘણી બધી બોલકી હતી. સંઘની સ્થાપના હિંદુ હિતની જાળવણી અને સંગઠન માટે કરાઈ હતી. હિંદુઓને સંગઠિત કરવા અને તેમના કલ્યાણ માટે કાર્યરત રહેવું એનો અર્થ મુસ્લિમો - ખ્રિસ્તીઓનો વિરોધ થતો નથી. છતાં સંઘ - વિહિંપ - બજરંગ દળના કેટલાક બટકબોલા નેતા સાંસદ-ધારાસભ્યો અજ્ઞાનવશ સંઘની છબિને ધૂમિલ કરે છે ત્યારે નવા પ્રશ્નો પેદા થાય કે ટકરાવનો માહોલ સર્જાવો સ્વાભાવિક છે.ડૉક્ટરજી આઝાદી પહેલાં કોંગ્રેસમાં હતા અને એ વેળા કોંગ્રેસ અનેક વિચાર પ્રવાહોનો પક્ષ હોવા છતાં આઝાદીની લડતનું માધ્યમ અને હિંદુ છબિ ધરાવનાર પક્ષ હતો. અલગ પાકિસ્તાન માંગનારા મૂળ કોંગ્રેસી અને પાછળથી કટ્ટરવાદી મુસ્લિમ લીગી થયેલા મોહમ્મદ અલી ઝીણા જ નહીં, સ્વયં ડૉ.આંબેડકર પણ કોંગ્રેસને હિંદુ પાર્ટી જ લેખતા હતા.

ડૉ.આંબેડકર અસ્પૃશ્યો અને કચડાયેલા સમાજના નેતા તરીકે

# તિરસ્કારો અભિમાની ગણી લે યોગ્ય એ ક્યાં છે મનાવી લેશો હું તો એ ગણતરીથી રૂઠેલો છું

પરિચિત છું છતાંયે દૂર ખૂણામાં ઊભેલો છું,
મને શું ઓળખે લોકો સમય વીતી ચૂકેલો છું.
તિરસ્કારો અભિમાની ગણી લે યોગ્ય એ કયાં છે,
મનાવી લેશો હું તો એ ગણતરીથી રૂઠેલો છું.
ન કોઈ નોંધ કે ઉલ્લેખ મારો થાય કિસ્મત છે,
મુગટની જેમ કયારેક મસ્તકે હું પણ રહેલો છું.
ઉપેક્ષાઓ જમાનાની સહી હસ્તે મુખે 'અબ્બાસ',
રહ્યું છે શીશ અણનમ પણ કમરથી તો ઝૂકેલો છું.

- ગુલામ અબ્બાસ 'નાશાદ'

**(Whatapp shered by** વિજય દેસાઈ**)**





**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

આપણું જીવન એ અવિતરણપણે ચડાવ ઉતાર સાથે પરિવર્તનશીલ રહેતી પ્રક્રિયા છે. પણ સમગ્ર જીવનમાં એવી એકાદ ક્ષણ કે એવી એકાદ સુવર્ણ તક ઈશ્વર કે તકદીર આપણા ભાગ્યમાં લખીને જ જાય કે જયારે આપણે આપણી જાતને સર્વોચ્ચ, સર્વશ્રેષ્ઠ કે સંપૂર્ણ માનવા પ્રેરાઈએ છીએ. તો તે જ રીતે દરેકના જીવનમાં કયારેક ને કયારેક આવો એક સમયગાળો આવે જ છે કે જયારે વ્યક્તિ જીવનથી અને જીવનમાં આવનાર પરિસ્થિતિઓથી થાકી-હારીને નાસીપાસ બનીને જમીન પર ફસડાઈ પડે છે. જો કે, સારો કે ખરાબ કોઈ પણ સમય આજીવન કે જીવનપર્યંત ટકી રહેતો નથી. પણ જયારે ખરાબ પરિસ્થિતિ અને વિપરિત સંજોગોનો સામનો કરવામાં આવે ત્યારે ઘણીવાર એ સમય જાણે ત્યાં જ સ્થગિત થઈ ગયો હોય તેવી અનુભૂતિ થાય છે.

છેલ્લા કેટલાય દિવસોમાં 'આનંદી' એટલે કે પ્રત્યુશા બેનર્જીના અપમૃત્યુના અહેવાલો અને ત્યારબાદ આ પ્રકારની પરિસ્થિત શા કારણે સર્જાઈ આ તમામ બાબતો સમાચારમાં ખાસ્સી ચર્ચાનું કેન્દ્ર બની. આ ઉપરાંત પણ અપમૃત્યુના અને તેમાંય નવયુવાનો અને સ્ત્રીઓમાં અપમૃત્યુનું પ્રમાણ છેલ્લા થોડા સમયમાં ખૂબ વધ્યું છે. હવે આ પ્રકારની ઘટના આપણા કહેવાતા આધુનિક અને 'સ્ત્રી સશક્તિકરણ'ના સમયમાં બને તો આ બાબત સમગ્ર સમાજ માટે ખુબ શરમજનક બાબત ગણાય. 'આનંદી' તરીકે હસતો, પ્રેમાળ ચહેરો ટી.વી.ના સ્ક્રીન પર ઘર-ઘરમાં બધાનો મનપસંદ રહ્યો. જયારે માત્ર ૨૪ વર્ષની નાની ઉંમરમાં આવી આઘાતજનક રીતે એક ટોચની પ્રખ્યાત અભિનેત્રી પોતાના જીવનનો અંત આણી દે તો આપણી આસપાસ રહેતી આવી કેટલી 'આનંદી' ઓ માનસિક તાણ અને ડિપ્રેશનનો શિકાર બનીને જીવન જીવતી હશે તે કહેવું ખરેખર ખૂબ અઘરું છે. આજકાલ સ્ત્રીઓ સ્વતંત્ર બની છે, પગભર બની છે. પહેલાં કરતાં વધુ **bold** અને **beautiful** પણ બની છે પરંતુ એની સાથોસાથ પોતે આટલી **Smart** હોવા છતાં જયારે તેનું શોષણ થાય ત્યારે તે બાબત સમાજમાં સ્વીકારતાં કે બધાની સામે **surrender** થઈ જતાં તે ક્ષોભ અનુભવે છે. તે દુનિયા સામે એક અલગ મહોરું પહેરીને ફરે છે અને ઘરના છાના ખૂણે આંસુ સારે છે.

અભણ કે અશિક્ષિત સ્ત્રીઓ કે ગામડામાં રહેતી ઘુંઘટ અને સાડીમાં સજ્જ સ્ત્રીઓ પતિનો માર કે સાસુનો અત્યાચાર હવે મૂંગે મોઢે સહેતી નથી. તે ઘરમાંથી બહાર આવીને લોકો સમક્ષ પોતાની પીડા બૂમો પાડી-પાડીને વ્યક્ત કરી શકે છે. તેને શહેરના કે શિક્ષિત હોવાના શિષ્ટાચાર કે સભ્યતાની આમાન્યામાં રહેવાનું હોતું નથી. તે પોતાની આસપાસના લોકો સાથે પણ ખૂબ સરળતાપૂર્વક પોતાની સમસ્યાઓની વાતો મુક્ત મને ચર્ચા કરી શકે છે. જો કે, તેમાં પણ જયારે તે હદથી વધુ મુંઝાઈ જાય કે અકળાઈ જાય તો મૃત્યુ જેવું અંતિમ અને હૃદયદ્રાવક પગલું ભરતાં અચકાતી નથી. સ્ત્રીઓ સંવેદનશીલ અને સહનશીલ હોવાની સાથેસાથે **strong** અને **determined** પણ હોય છે. શક્ય હોય ત્યાં સુધી પરિસ્થિતિનો સામનો કરવાના પૂરેપૂરા પ્રયાસ એ કર્યા જ કરે છે. પણ અંતે, થાકી-હારીને આવું કોઈ પગલું ભરીને જીવનલીલા સંકેલી લે છે. જો કે, બહારથી ઝાકઝમાળભર્યું અને હર્યુંભર્યું લાગતું દાંપત્યજીવન કે **companionship** માં પણ અંદરખાને **loopholes** રહેલા હોય છે. આજના આ મોર્ડન યુગમાં સંબંધો પણ ખૂબ ઝડપથી પોતાનું સ્વરુપ બદલતા નજરે પડે છે. સ્ત્રી કે પુરુષના જીવનમાં જયારે કોઈ 'પ્રેમ'નું આગમન થાય ત્યારે તેમની નિરસ અને **depressive life** ફરી એકવાર સુંદર અને **colorful** બની જાય છે. ખરી સમસ્યા ત્યારે સર્જાય કે જયારે વ્યક્તિ માટે એક સંબંધમાંથી બહાર આવવું કે સાથે જીવવું બંને બાબતોમાંથી શું પસંદ કરવું તે તેને માટે અશક્ય હોય છે. તેને લાગે છે કે **celebrity** કે **famous** હોવાને કારણે એક ખરાબ કે ગુંગળામણભર્યા સંબંધનો અંત લાવી શકે છે અને ન તેને છોડીને નવી શરુઆત કરી શકે છે. પરિણામે, મૃત્યુ જ એકમાત્ર વિકલ્પ છે એમ તેને લાગે છે. **smart, Intelligent** અને **active** હોવાને કારણે સંબંધોમાં તેને મળેલી નિષ્ફળતાને તે પોતે જ સ્વીકારી શકતા નથી. તો અન્ય બાજુ પોતે ડિપ્રેશનનો એક પ્રકાર એ પણ છે કે આવી **smart,** અને **Intelligent** વ્યક્તિ - **celebrity** પોતાની જાતને બધાથી **cut off** કરી બેસે છે.પોતાની તકલીફોને મનમાં ને મનમાં રાખીને મા-બાપ કે સાચી સલાહ આપતા મિત્રોથી પણ એક દૂરી બનાવી લે છે અને વ્યસનમાં ગળાડૂબ બનીને કોઈ એક નબળી ક્ષણમાં જીવનનો અંત આણવા જેવી ખતરનાક વસ્તુ કરી નાખતાં પણ કરી નાખતાં પણ અચકતા નથી. ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિમાં, કારકિર્દી, પૈસા, પ્રેમ આ બધામાંથી કોઈ એકાદ બાબતમાં પણ નિષ્ફળ થઈ જવાય તો તે જીવનની અંતિમ બાબત નથી એમ સમજીને પોતાની જાતનું એનાલીલીસ કરીને તેમાંથી કોઈ પણ પ્રકારે બહાર આવવું એ જ તેનું એકમાત્ર **solution** હોઈ શકે. તો આવો, આપણે સૌ સાથે મળીને નિરાશાની ગર્તામાં ધકેલાઈ ગયેલા આવા વધુ સંવેદનશીલ લોકોને પ્રેમ, સહાનુભૂતિ અને અનુકંપાથી હાથ ઝાલીને બહાર લાવીએ.

- nehalgadhavi101@gmail.com